## મુખ્યપ્રધાન નરેન્દ્ર મોદી માટે બ્રિટનના દ્વાર ખુલ્યા

# ગુજરાતની સાથે સારા સંબંધો સ્થાપિત કરવા બ્રિટન સુસજ્જ

## બ્રિટન સરકારની હિલચાલનું નરેન્દ્ર મોદી દ્વારા સ્વાગત



નવી દિલ્હી,તા. ૧૧

ગુજરાતના મુખ્યપ્રધાન નરેન્દ્ર મોદીએ ગુજરાત સાથે સંબંધો સામાન્ય બનાવવાની બ્રિટન સરકારની હિલચાલનું સ્વાગત કર્યું છે. બ્રિટનની હિલચાલથી મોદી માટે બ્રિટનના પ્રવેશ દ્વાર ખુલે તેવી શક્યતા છે. શોસિયલ નેટવર્કિંગ સાઈટ ટ્‌વીટર પર મોદીએ કહ્યું છે કે દેર આયે દુરસ્ત આયે. બ્રિટન સરકારની હિલચાલ સ્વાગત રૂપ છે. ગુજરાત સાથે સારા સંબંધો સ્થાપિત કરવા માટે બ્રિટનની સરકાર હવે શક્યતા ચકાસી રહી છે. બ્રિટનના નાયબ વિદેશ પ્રધાને અગાઉ સાફ શબ્દોમા કહ્યું હતું કે તેમની સરકાર ગુજરાત સાથે ખુબ સારા સંબંધ સ્થાપિત કરવાની શક્યતા ચકાસશે. એવા અહેવાલ મળ્યા છે કે બ્રિટનના હાઈ કમીશનર જેમ્સ બેવન ગુજરાત આવનાર છે. રાજ્ય સાથે સંબંધો મજબુત કરવા ઈચ્છુક છે. એક નિવેદનમાં બ્રિટનના વિદેશ મંત્રાલય દ્વારા જણાવવામાં આવ્યું છે કે તે વિકાસ માટે ગુજરાત સાથે સક્રિય સહકાર કરવા અને સંબંધોને સામાન્ય બનાવવા માટે ઈચ્છુક છે. વિદેશ મંત્રાલય દ્વારા પણ હિલચાલનું સાવગત કરવામાં આવ્યું છે. દરમિયાન ભાજપના પ્રવકતાએ આ ઘટનાક્રમનુ સ્વાગત કર્યું છે અને કહ્યું છે કે મોદી ક્યારેય એકલા પડી ગયા ન હતા. ઘણી કંપનીઓ ગુજરાતમાં પહેલાથી જ રોકાણ કરી ચુકી છે. અત્રે ઉલ્લેખનીય છે કે મોદીએ છેલ્લે વર્ષ ૨૦૦૩માં બ્રિટનની યાત્રા કરી હતી. પરંતુ આ યાત્રાને લઈને ભારે વિરોધ થયો હતો.

વર્ષ ૨૦૦૨માં કોમી રમખાણોમાં મોદીની ભૂમિકાને લઈને વિરોધ કરવામાં આવ્યો હતો. ભારે વિરોધ થયા બાદ વર્ષ ૨૦૦૫માં મોદીને છેલ્લી ઘડીએ વિઝા આપવાનો ઈન્કાર કરી દેવામાં આવ્યો હતો. હવે ફરી એકવાર મોદી માટે બ્રિટનના પ્રવેશ દ્વાર ખુલી રહ્યા છે. આ મામલે નવી પ્રતિક્રિયા આગામી દિવસોમાં આવે તેવી શક્યતા છે. ભાજપની છાવણીમાં આ હિલચાલથી ખુશીનું મોજુ ફેલાઈ ગયું છે.

## ગુજરાત હિત પાર્ટીએ પ્રચારના શ્રીગણેશ કર્યા

રાજ્યમાં ચૂંટણીઓની તૈયારીઓમાં ધીમે ધીમે ગરમાવો આવી રહ્યો છે. અને રાજકીય પક્ષોએ ચૂંટણી પ્રચારમાં લાગી ગયા છે. ત્યારે ગાંધીનગરમાં નવી રચાયેલી ગજુરાત હિત પાર્ટીના અધ્યક્ષે પણ પોતાની પાર્ટીને વિજયી બનાવવા ચૂંટણી પ્રચારના શ્રીગણેશ કરી દીધા છે. ગાંધીનગર શહેરમાં નવનિર્મિત થયેલી ગુજરાત હિત પાર્ટીના અધ્યક્ષ ભીમજીભાઈ પ્રજાપતિએ પણ હાલમાં વિધાનસભાની ચૂંટણીને લઈ પોતાના ૧૨૦ ઉમેદવારોને ચૂંટણી જંગમાં ઉતારવાની તૈયારી સાથે ચૂંટણી પ્રચારમાં લાગી ગયા છે. શહેરના માર્ગો પર ચૂંટણી પ્રચાર કરી રહ્યા છે અને પોતાની પાર્ટીના એજન્ડાઓને જનતા સુધી પહોંચાડી રહ્યા છે. પાર્ટીના તમામ કાર્યકરો ચૂંટણી પ્રચારમાં વ્યસ્ત બન્યા છે.

# નકલી સોનાનો વેપલો કરતાં બે શખ્સો ખાત્રજ પાસેથી ઝડપાયા

### વાપી, સુરત, અમદાવાદ સહિતના સ્થળોએ લાખોની છેતરપીંડી કરી હોવાની કબુલાત : ૧ કીલોનો નકલી સોનાનો હાર પણ મળ્યો

કલોલ, તા.૧૧

કલોલ તાલુકાના ખાત્રજ ચોકડી પાસેથી નકલી સોનાનો વેપલો કરતાં બે શખ્સો નિકળતા હોવાની બાતમીને આધારે કલોલ તાલુકા પોલીસની ટીમે દરોડો પાડીને બંને શખ્સોને ઝડપી પાડયા છે. બંને શખ્સોની તલાશી લેતા તેમની પાસેથી અસલી સોના-ચાંદીના થોડા દાગીના તથા તેની સાથે નકલી સોનાનો ૧ કીલો વજનનો હાર મળીને રૂ. ૩૬,૨૫૦નો મુદ્દામાલ મળી આવ્યો હતો. પોલીસે સઘન પુછપરછ કરતાં અમદાવાદ, સુરત સહીતના વિસ્તારોમાં લાખોની છેતરપીંડી આચરી હોવાની કબુલાત કરી છે. જેને આધારે પોલીસે પુછપરછ આરંભી છે.

મળતી માહિતી મુજબ કલોલ તાલુકા પી.આઈ. પી.ઓ. ભટ્ટ તથા પી.એસ.આઈ. ડી.ડી. પરમાર ને બાતમી મળી હતી કે ખાત્રજ ચોકડી પાસેથી નકલી સોનું વેચતા બે શખ્સો પસાર થવાના છે જેને આધારે બંનેને પકડી પાડવા ખાત્રજ ચોકડી પાસે પોલીસે વૉચ ગોઠવી બાતમીવાળા બંને શખ્સોને પકડી પાડયા હતા. અમદાવાદના જૂના વાડજ વિસ્તારમાં રહેતો જીતેન કરશન સલાટ અને ખોરજ ખોડીયાર વિસ્તારમાં રહેતો રણછોડ મોનાભાઈ સલાટ નામના આ બંને શખ્સોની તલાશી લેતા તેમની પાસેથી રાણી છાપ ચાંદીના બે સિક્કાઓ, સોનાના અસલી બે મણકાઓ તથા ચાંદીના બિસ્કીટ ઉપરાંત ૧ કીલો વજનનો સોનાનો હાર મળી આવ્યા હતા. જેમાં હાર નકલી હતો. પુછપરછ દરમિયાન બંને શખ્સોએ કબુલાત કરી હતી કે અસલી સોનું બતાવીને વિશ્વાસમાં લીધા બાદ તેઓ છેતરપીંડી આચરતા હતાં. સરખેજના એક વ્યકિતને વિશ્વાસમાં લઈને નકલી સોનું પધરાવી ૧ લાખની છેતરપીંડી આચરી હોવાની કબુલાત ઉપરાંત વાપી, સુરત તથા અમદાવાદના ચાણકયપુરી વિસ્તારમાં પણ આ રીતે લાખોની છેતરપીંડી આચરી હોવાનું કબુલ્યું છે. કલોલ તાલુકા પોલીસે બંને શખ્સોની ધરપકડ કરીને ઊંડી પુછપરછ શરુ કરી છે.

## શબ્દાવલી - ૪૮૬૮

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | ૩ | ■ | ૪ | ૫ | ૬ |
| ૭ | | ■ | ૮ | ૯ | ■ | ૧૦ | |
| | ■ | ૧૧ | | | ૧૨ | | ■ |
| | ■ | ૧૩ | | ■ | | ■ | ૧૪ |
| ૧૫ | | | ■ | ૧૬ | | ૧૭ | |
| ■ | ■ | ૧૮ | ૧૯ | | ■ | | ■ |
| ૨૦ | | | | ■ | ૨૧ | | |
| | ■ | ૨૨ | | | | | ■ |

**આડી ચાવી**

૧. મજબુરી (૪)
૪. ગણિતની ઉપયોગી સંખ્યા (૩)
૭. ઈંટના નાના ટૂકડા (૨)
૮. બીક, ભય (૨)
૧૦. મોકો, તક (૨)
૧૧. પોતાના જ વખાણ કરવા તે (૫)
૧૩. યાત્રાળુ (૨)
૧૫. કડક (૩)
૧૬. કામ કરવાની વૃત્તિ ના હોય તેવું (૪)
૧૮. કાઢવું, ... કરવો (૩)
૨૦. આહ્‌વાન (૪)
૨૧. દૂધ ફાડીને બનાવાતી વાનગી (૩)
૨૨. બરાબરીયું (૫)

**ઊભી ચાવી**

૧. માત્ર દેખીતો વિરોધ (૫)
૨. બટાકા-દાળ વગેરેના ભજિયા (૨)
૩. તાડના પાનનું છાજ (૪)
૫. એક ધાતુ (૩)
૬. એક કઠોર (૨)
૯. શોર, અવાજ (૨)
૧૧. આવરો જાવરો, લાવવું મોકલવું (૬)
૧૨. 'ડામર' શબ્દ આડો અવળો (૩)
૧૪. પાણી, જળ (૨)
૧૬. આવનારો આજ પછીનો દિવસ (૨)
૧૭. ચાર પાનાનું છાપું (૪)
૧૮. બહાર મોકલવું તે (૩)
૧૯. ભયંકર (૩)
૨૦. ચરણ (૨)
૨૧. રજા... મજા... (૨)

**શબ્દાવલી ૪૮૬૭ના જવાબ**

**આડી ચાવી :-** (૧) અજમાવવું (૨) તમા (૪) કબર (૫) ઘરડાઘર (૯) ડક (૧૦) ડણક (૧૧) સરકણું (૧૩) કાણ મોકાણ (૧૫) કોર (૧૬) ડાબો (૧૭) તસુ (૨૦) મમ (૨૧) મહાવત (૨૨) આસન

**ઊભી ચાવી :-** (૧) અણઘડ (૨) તબડક (૩) મારકણું (૬) રણકાર (૭) ડાકણ (૮) રસકાબોળ (૧૨) રણ (૧૪) મોડા (૧૫) કોલમ (૧૭) તમસ (૧૮) સુમન (૧૯) દાવ

## પાવાગઢમાં વિવેકાનંદ યાત્રાનું સમાપન કરાયું

# કોંગ્રેસને સબક શીખવાડવા જેપી જેવા નાયકની જરૂર છે

### મેડમ સોનિયાજી, ગુજરાત ભ્રષ્ટાચારી લોકોના હાથમાં ક્યારેય નહીં આવે સમજી લેજો : મુખ્યપ્રધાન નરેન્દ્ર મોદી

ગાંધીનગર, તા. ૧૧

ભાજપની વિવેકાનંદ યુવા વિકાસ યાત્રાનું આજે યાત્રાધામ પાવાગઢમાં સમાપન થયું હતું. આ પ્રસંગે યોજાયેલી વિશાળ સભામાં મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ કોંગ્રેસ પર પ્રહારો કરતાં જણાવ્યું હતું કે, દેશમાં કેન્દ્રની કોંગ્રેસ સરકાર ભ્રષ્ટાચારમાં ગળાડૂબ છે ત્યારે તેને સબક શીખવાડવા માટે જયપ્રકાશ નારાયણ જેવા લોકનાયકની જરૂર છે. હિન્દુસ્તાનની આ જનતાનો સંકલ્પ પણ જલદીથી પુરો થશે જ.મુખ્યમંત્રીએ જણાવ્યું કે ગુજરાતને કોંગ્રેસની કેન્દ્ર સરકારે ક્યારેય દેશનો હિસ્સો નથી માન્યો અને છતાં, આ જ ગુજરાતે તેની ભૂમિ પર વિશ્વના ૧૨૦ દેશોની સરકારો અને અગ્રીમ પૂંજી નિવેશકોને એકત્ર કરી વિકાસમાં કઈ રીતે વિશ્વને જોડીને સમસ્યા ઉકેલી શકાય તે ગુજરાતની આપની આ સરકારે કરી બતાવ્યું છે. જો દેશના વડાપ્રધાન ડો. મનમોહનસિંહે આ દિશા લીધી હોત તો દેશની સમસ્યાનું વિકાસમાં કઈ રીતે સમાધાન થાય તેનો ઉકેલ મળી ગયો હોત.બ્રિટીશ સરકાર નવેસરથી ગુજરાત સાથે સંબંધ બાંધવા તૈયાર છું તેનો ઉલ્લેખ કરી નરેન્દ્ર મોદીએ જણાવ્યું કે ડો. મનમોહનસિંહ માને કે ના માને ગુજરાતનો વિકાસ અને ગુજરાતના ગુડ-ગવર્નન્સને દેશ અને દુનિયા સ્વીકારે છે. આજે બ્રિટીશ સરકારે ગુજરાત સાથે તેના તોડી નાંખેલા રાજદ્વારી સંબંધો બાંધવા માટે જાતે જ પહેલ કરીને જે નિર્ણય લીધો છે તે સાચી દિશાનો છે અને આવકાર્ય છે, તેમ તેમણે ઉમેર્યું હતું. સોનિયા ગુજરાત ભ્રષ્ટાચારી કૌભાડીઓના હાથમાં ક્યારેય નહીં આવે એ સમજી લેજો. ગુજરાતીઓનો આ જ મિજાજ છે એમ હર્ષનાદો વચ્ચે તેમણે જણાવ્યું હતું.

પ્રવચનની શરૂઆતમાં મુખ્યમંત્રીએ જણાવ્યું કે ૨૦૦૧માં ગુજરાતનું શાસન સંભાળ્યું ત્યારે કન્યા શિક્ષણ અને ભ્રુણ હત્યાનું કલંક ગુજરાત ઉપર હતું અને એ સમય દૂર નહીં હોય જ્યારે ૧૦૦૦ પુરુષ જન્મ સામે ૧૦૦૦ કન્યા જન્મ દરનું સંતુલન જળવાઈ રહેવાનું છે એવો વિશ્વાસ તેમણે દર્શાવ્યો હતો.

# ચરાડા ગામમાં યુ.જી.વી.સી.એલ.ની બેદરકારીથી થાંભલો પડયો



માણસા, તા.૧૧

માણસાના ચરાડા ચાર રસ્તા પર આજે વિજતંત્રના અધિકારીઓ દ્વારા કોઈ પણ જાતની જાણ કર્યા સિવાય રીપેરીંગ કામ ચાલુ કર્યું હતું તે દરમિયાન યોગ્ય કામગીરીના અભાવને કારણે એક જગ્યાએ થાંભલો પડતાં તેની અસરથી બીજો થાંભલે પડી જતાં તેની નીચે ઉભેલી લારી ભાંગીને ભુક્કો થઈ ગઈ હતી. જો કે તેની નીચે ઉભેલા લોકોનો આબાદ બચાવ પણ થવા પામ્યો હતો.

પ્રાપ્ત માહિતી અનુસાર ચરાડા ચાર રસ્તા પર આજે વીજતંત્રના અધિકારીઓએ રીપેરીંગ કામ હાથ ધર્યું હતું ત્યારે થાંભલાને ટકાવી રાખવા માટે તાણ્યો જરુરી હોવા છતાં સ્થળ પરના કર્મચારીઓએ સીધે સીધી કામગીરી કરતાં થોડે દૂર એક થાંભલો પડી ગયો હતો. જેના લીધે ચાર રસ્તા પર આવેલી ચૌધરી બાબુભાઈ માનસંગભાઈની દુકાન આગળનો થાંભલો એકદમ પડતાં હોહા મચી ગઈ હતી પણ તેની નીચે ઉભેલી પ્રજાપતિ ગોપાલભાઈ બાબુલાલની લારી તેમાં ભાંગીને ભુક્કો થઈ ગઈ હતી. જો કે થાંભલાની નીચે ઉભેલા છ થી સાત લોકોનો આબાદ બચાવ થતાં લોકોએ હાંશકારો અનુભવ્યો હતો. આ બાબતે દુકાન માલિકે સ્થળ પરના અધિકારી વાઘેલા (વાયરમેન)ને આ બાબતે પુછતાં તેઓએ પણ ઉધ્ધત જવાબ આપ્યો હતો.

## સ્પર્ધા કરવી હોય તો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જબ તક ના સફલતા મિલે, નીંદ ચૈન કી ત્યાગો તુમ; બસ આજ અભી કી ઘડી હૈ, આજ અભી જાગો તુમ.'

હિમાલય સુધી પહોંચવાનો રસ્તો પણ તમારા ઘરથી જ શરૂ થાય છે, પહોંચવું હોય તો ઘરની બહાર એક ડગલું તો માંડો, પછી હિમાલય દૂર નથી.

તમારે સફળ થવું હોય તો બે રસ્તા છે તમારી પાસે : પહેલો એ કે તમે જે પથ પર ચાલો છો એમાં તમે પ્રથમ આવો. અને તમે જો પ્રથમ ન આવી શકતા હોવ તો એવો નવો પથ કંડારો જેના પર તમે સૌ પહેલા ચાલી રહ્યા હોવ.

ઈનોવેશન માટે મારા મતે ત્રણ બાબતોની આવશ્યકતા છે : પહેલી બાબત છે થીક સ્કીન - જાડી ચામડી. એટલે કે સંવેદનશીલ થવું એમ નહીં, પણ દુનિયાની ફિકર ન કરવી- પોતાની તૈયારીની ફિકર કરવી તે.

બીજી બાબત છે સ્ટ્રાઈક બૅક- પાછા ફરવું તે. નિષ્ફળતા મળ્યા પછી પણ જેનામાં ઊભા થવાની ને નવા જોશ સાથે પાછા ફરવાની તાકાત છે એ જ ઈનોવેશન કરી શકે છે. સફળતા રાતોરાત નથી મળતી, એના માટે કેટલીય રાતો બગાડવી પડે છે. અને એ પછીય નિષ્ફળતા મળે ત્યારે હાર્યા વિના પુનઃ ઊભા થઈને મથામણ કરી શકે છે એ જ ઈતિહાસ રચી શકે છે.

ત્રીજી આવશ્યક બાબત છે ક્યુરિયોસિટી-જિજ્ઞાસા. ઑલવેઝ બી ક્યુરિયસ. તમારામાં જિજ્ઞાસા હશે તો તમે અવશ્ય ઈનોવેશન કરી શકશો, એટલે તમારી જિજ્ઞાસાને હંમેશા જીવંત રાખજો.

અંતે આપ સૌને મારો સંદેશ, મુશ્કિલ મેં હૈ કૌન કિસી કા, સમજો ઈસ રાઝ કો, લેકર અપના નામ કભી, તુમ ખુદ કો આવાઝ દો. ખૂન બહે નસ-નસ મેં, હર બાત હૈ મેરે બસ મેં...ખૂન બહે નસ-નસ મેં, હર બાત હૈ મેરે બસ મેં.'

## નવ દેશોના પ્રતિનિધિઓ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આ પ્રતિનિધિમંડળના આગમનને લઈ આજે આખો દિવસ ચૂંટણીની ફરજ પરના અધિકારીઓએ તડામાર તૈયારીઓ કરી છે.

આ પ્રતિનિધિ મંડળ સમક્ષ જિલ્લા કલેક્ટરશ્રી દ્વારા એક પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન પણ રજુ કરવામાં આવે તેવી સંભાવનાઓ છે જેમાં મતદાર નોંધણી, મતદાર સહાયતા કેન્દ્ર જિલ્લામાં નોંધાયેલા મતદારો સહિતની વિગતો આવરી લેવામાં આવે તેવી સંભાવનાઓ છે.

આ પ્રતિનિધિ મંડળે આજે અમદાવાદ જિલ્લાની તૈયારીઓ અંગે અભ્યાસ કર્યો હતો હવે ગાંધીનગર જિલ્લાની તૈયારીઓ પણ નિહાળશે. આ પ્રતિનિધિમંડળે આજે ગાંધીનગર ખાતે રાજ્યના મુખ્ય ચૂંટણી અધિકારી શ્રીમતિ અનીતા કરવાલની પણ મુલાકાત લીધી હતી.

## પરિવર્તન યાત્રાની સાથે સાથે

- ગાંધીનગરના સે-૧૨માં ઉમિયા માતાના મંદિર ખાતે સવારે નવ વાગ્યે કેશુબાપાએ દર્શન કરી યાત્રાનો પ્રારંભ કર્યો હતો.
- ઉમિયા માતાના મંદિરના પ્રમુખ, હોદ્દેદારો તેમજ કડવા પાટીદાર સમાજના આગેવાનો દ્વારા ફુલહાર તેમજ શાલ ઓઢાડી સ્વાગત કર્યું હતું.
- ૯.૧૫ વાગ્યે કેશુબાપા ઉમિયા માતાના મંદિરથી પંચદેવ મંદિર જવા રવાના થયા.
- પંચદેવ મંદિર ખાતે બાળાઓએ તિલક કરી બાપાનું સ્વાગત કર્યું.
- ત્યારબાગ બાપાએ પંચદેવ મંદિરમાં પૂજા અર્ચના કરી ભગવાનના દર્શન કર્યા.
- પંચદેવ મંદિરથી યાત્રાનો વિધિવત પ્રારંભ-યાત્રામાં મોટી સંખ્યામાં કાર્યકરો ઉમટયા હતા.
- યાત્રામાં કેશુબાપાના રથ સાથે ૩૫ ગાડી, ૨૦ રીક્ષા, ૩૦ બાઈક સહિત સાઉન્ડ સિસ્ટમ સાથેની ટ્રક જોડાઈ હતી.
- સે-૨૨ વેપારી મંડળના મિત્રો દ્વારા બાપાનું ફુલહારથી સ્વાગત.
- ટાટા ચોકડી ખાતે રીક્ષા એસોસીએશન દ્વારા બાપાનું સ્વાગત.
- ગુજરાત પરિવર્તન પાર્ટીની યાત્રાનો રથ રાંધેજા ચોકડી ખાતે સવારે ૧૦.૧૨ કલાકે પહોંચ્યો.



- રાંધેજા ગામના અગ્રણીઓ દ્વારા વિદ્યાપીઠ આગળ બાપાનું ફુલહારથી સ્વાગત કર્યું.
- વરદાયીની માતાના મંદિરના પ્રાંગણ રૂપાલ ગામના ગ્રામજનો અને બાળાઓ દ્વારા રથનું સ્વાગત કરવામાં આવ્યું.
- રથમાં બેઠા બેઠા બાપાએ વરદાયીની માતાના દર્શન કરી આશીર્વાદ મેળવ્યા હતા.
- સરઢવ ગામે યાત્રા ૧૦.૩૮ કલાકે પહોંચી ગામના પૂર્વ સરપંચ મનુભાઈ પટેલ તથા ગ્રામજનો દ્વારા ફૂલહારથી ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું.
- સરઢવ ગામના કાર્યાલયનું ઉદઘાટન પરિવર્તન પાર્ટીના મહામંત્રી ગોરધનભાઈ ઝડફીયા દ્વારા કરવામાં આવ્યું હતું.
- ધમાસણા ગામ ખાતે દસ ગામ લેઉઆ પાટીદાર સમાજની વાડીના પટાંગણમાં કિસાન સંઘના અગ્રણી પોપટભાઈ પટેલ, શૈલેષભાઈ અને પોપટભાઈ મણીભાઈ પટેલ તેમજ ગ્રામજનો દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું.
- કલોલ શહેરમાં ઠેર ઠેર યાત્રાનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું.
- કલોલથી યાત્રા તેના નિયત કાર્યક્રમ મુજબ આગળ રવાના થઈ હતી.

## યોજના અમલમાં મૂકાશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પુનઃવસનના પેકેજ અપાશે.

ક્રિમીનલ સર્ટી. માટે આવકનું ધોરણ ૬ લાખ કરાશે. દરેક તાલુકા મથકે આદર્શ નિવાસી શાળાઓ અને હોસ્ટેલ સ્થપાશે. બક્ષીપંચની આશ્રમ શાળાઓ વધારાશે તેમજ લઘુમતી સમાજ માટે સાચર સમિતિની ભલામણોનો સંપૂર્ણ અમલકરાશે. મુસ્લિમ, બૌદ્ધ, ખ્રિસ્તી, જૈન, પારસી અને શીખ સંપ્રદાયના માટે અનેક વિધ યોજના અમલમાં મૂકીશું. લઘુમતિ કલ્યાણ માટે અલગ વિભાગ ઉભો કરાશે. તથા શારીરિક અને માનસિક રોગ અપંગ વ્યક્તિઓ માટે ચોક્કસ નોકરીઓમાં ૫૦ ટકા અનામત રાખવામાં આવશે.

## ગાબડું પડ્યું..

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આંધણ કરાયા બાદ કર્મચારીઓનો વસવાટ સ્થાયી છે તેવા વિવિધ કક્ષાના સરકારી આવાસો પડવાના વાંકે ઉભા હોય તેવો આક્રોશ આમ નાગરિકોમાં પ્રવર્ત્યો છે. સરકારી આવાસોના નાટકીય સર્વે બાદ સબ સલામતના બણગા ફૂંકતા તંત્ર દ્વારા આવાસોની સ્થિતિ સંદર્ભે ખો આપવાની નીતિ અપનાવી ઘોર નિષ્ક્રિયતા સેવવામાં આવી રહી છે. આવા સંજોગોમાં સુવિધા કેન્દ્રો ખાતે પણ આમ નાગરિકોની ફરિયાદો સાંભળવા માટે કોઈ તૈયાર ન હોવાનો રોષ સેવાઈ રહ્યો છે. જેના લીધે સેકટરોમાં સ્થિત વિવિધ કેટેગરીના સરકારી આવાસો ગમે ત્યારે જાન લેવા પુરવાર થાય તેવી દહેશત પ્રબળ બની છે. બે દિવસ અગાઉ સે-૧૬માં હીંચકે ઝૂલતા પરિવારજનો પર છતમાંથી ગાબડુ પડતા એક મહિલાને ઈજા થવા પામી હતી. જયારે આજે પણ ભયજનક આવાસમાં તોતિંગ પોપડું ખરતા રહીશોમાં ભય પ્રવર્ત્યો હતો. સે-૧૭માં બ્લોક નં. ૨૦/૩, 'છ' ટાઈપમાં રહેતા પંકજભાઈ પરમારના મકાનમાં આજે બબોરે અચાનક જ છતમાં ચાર ફૂટ જેટલું તોતિંગ ગાબડું પડયું હતું. સદનસીબે બેડરૂમમાં કોઈ હાજર ન હોવાથી કોઈને ઈજા થવા પામી ન હતી. સચિવાલયમાં સલામતી શાખામાં હેડ કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતા પંકજભાઈએ આ અંગે અગાઉ સે-૧૭ ઈન્કવાયરી કચેરીમાં પણ યોગ્ય મરામત માટે રજૂઆત પણ કરી હતી. આમ છતાં કોઈ પગલાં લેવાતા નથી.

## નવલી નવરાત...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

રાખવામાં આવતા વ્રત અને ઉપવાસનું પણ છે. ઈશ્વરની પ્રાપ્તિ ત્યારે જ શક્ય બને છે જ્યારે બંને બાબતોની પ્રક્રિયાઓનું પાલન નિયમ અનુસાર કરવામાં આવે.

નવરાત્રીમાં ઉપવાસ દરેક લોકો પોતાની ભક્તિ, શક્તિ મુજબ કરે છે. કોઈ એક ટાઈમ જમીને તો કોઈ ફળાહાર કરીને આ વ્રત રાખે છે. જો તમે ગરબા રમવા પણ જતા હોય તો તમારે એક ટંક જમીને ઉપવાસ કરવો વધુ યોગ્ય રહેશે.

નવરાત્રીના દિવસો અગાઉ ધરતી પર ઘણી આફતો આવતી હોય છે. વરસાદને કારણે ચેપી રોગ ફાટી નીકળે, અથવા તો મોંઘવારી વધે, કોઈ જગ્યાએ અતિવૃષ્ટિ થાય તો કોઈ જગ્યાએ અનાવૃષ્ટિ. આ કુદરતી આફતો શ્રાવણ-ભાદરવો અને આસો મહિના દરમિયાન વધુ જોવા મળે છે. તેથી આ તમામ તકલીફોને દૂર કરવા માટે નવ દિવસ સુધી વ્રત ઉપાસના કરવામાં આવે છે.

સર્વ ભવન્તુ સુખિનઃ, સર્વે સન્તુ નિરામયાઃ સર્વે ભદ્રાણિ પશ્યન્તુ, મા કિશ્ચદ દુઃખ ભાગ્યવેત.

જેનો મતલબ છે નવરાત્રીના નવ દિવસ મનમાં ખરાબ વિચારો, છળ-કપટ, ઈર્ષ્યા છોડીને આપણે નવ દિવસ સુધી માનવ કલ્યાણના કામો કરીએ.

આ વ્રતને ઉજવવા પાછળનો ઉદ્દેશ્ય માત્ર માતાની શક્તિ પામવાનો છે. જે લોકો નવરાત્રીમાં વ્રત કરે છે તેને અન્ય ઉપવાસો કરતા વધુ ફળ મળે છે. નવરાત્રી એક પ્રકૃતિની ઋતુનો કાળ છે. આ ઋતુ જીવ, પ્રાણી અને મનુષ્ય માટે કષ્ટદાયક હોય છે. આ દિવસો દરમિયાન જો આધ્યાત્મિક બીજ રોપવામાં આવે તો એ જ રીતનું ફળ આપણને મળે છે.

જો નવરાત્રીના પ્રથમ દિવસે એટલે કે પડવાના દિવસે હસ્ત નક્ષત્ર હોય તો તે દિવસે વિધિપૂર્વક કરેલુ દેવીપૂજન ઈચ્છિત ફળ આપે છે. પ્રથમ દિવસના ઉપવાસ દરમિયાન નવ દિવસના ઉપવાસનો સંકલ્પ લેવો અને માતાને પ્રાર્થના કરવી - હે માતા, હું મારી શક્તિ અને ભક્તિ મુજબ ઉપવાસ કરીશ, જો કોઈ ભૂલ થઈ જાય તો તારી સંતાન સમજીને માફ કરી દેજો.

આગામી દિવસોમાં નવરાત્રીનો પ્રારંભ થઈ રહ્યો છે ત્યારે માઈ ભક્તો પણ માતાજીની આરાધનામાં લીન થઈ જવા તૈયાર કરી રહ્યા છે. ગાંધીનગરમાં નવરાત્રી દરમ્યાન ઘણા સ્થળોએ ગરબાનું આયોજન થાય છે. તેની સાથે ઘણા માઈભક્તો ઉપવાસ રાખી માતાજીની ઉપાસના કરે છે. ઘણા પરિવારોમાં વર્ષોથી નવરાત્રી દરમ્યાન ઉપવાસ કરવાનું ચલણ હોવાથી આવા પરિવારો નવરાત્રી દરમ્યાન પુરેપુરા ભક્તિમય બની જાય છે. મોટાભાગે આઠમે ઉપવાસ પૂર્ણ કરી માતાજીને નૈવેધ ધરાવવામાં આવે છે. નવરાત્રી દરમ્યાન દરરોજ સવાર-સાંજ માતાજીની પૂજા થતી હોવાથી તેની તૈયારીઓ પણ ઘણા પરિવારોમાં શરૂ થઈ ચુકી છે.